# આહવાના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં મુ. આહવા (ડાંગ)

**ફોજ. કેસ નં. ૧૦૧૨/૨૦૨૨**

**આંક–**

**ગુનો : જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એન.ડી.એમ.એ.ની કલમ–૫૧(બી) મુજબ.**

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, :–
આરોપીએ જે તે વખતે અમલમાં રહેલા સરકારી જાહેરનામાનો ભંગ કરી, જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એન.ડી.એમ.એ.ની કલમ–૫૧(બી) મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરિયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ઘરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીશ આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીશ આપી જણાવેલ છે કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ છે, અને યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.

૫. આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીશ, આરોપીની આર્થિક તેમજ સમાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે, અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આખરી હુકમ :: –**

આ કામના આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૨ અન્વયે જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એન.ડી.એમ.એ.ની કલમ–૫૧(બી) મુજબના ગુનામાં માણસની જીંદગી જોખમાવા અંગેના ગુનાનાં જાહેરનામાનો ભંગ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી, રૂા. **૧૦૦/–** અંકે રૂપિયા એકસો પુરાનો દંડ, અને જો આરોપી દંડ ન ભરે તો દિન–બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી/ઓના જાતમુચરકો તથા જામીન ખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બીન કિંમતી મુદ્દામાલ કે કિંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો તા. ૧૨મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૨ ના રોજ કર્યો.

આહવા.
તા. ૧૨–૧૧–૨૦૨૨

**(એસ.પી. કેન)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,આહવા.
જજ કોડ નં.જી.જે.૦૧૧૯૬